ફોર્મ નં. : મુલ્ય રૂા. ૫૦-૦૦

# ગુજરાત પ્રજાપતિ સમાજ

સંચાલિત

## શ્રીમતી ચંદ્રકાન્તા પી. વરિઆ છાત્રાલય

સનસેટ, ડ્રાઈવ-ઇન સિનેમા પાસે, થલતેજ રોડ, અમદાવાદ-૩૮૦૦૫૪. ● ફોન (કાર્યાલય) : ૦૭૯-૨૭૪૫૩૬૧૨

ક્રમાંક : ____________

ફી રસીદ નં. : ____________

તારીખ : ____________

રૂમ નંબર : ____________

મંજૂર/નામંજૂર સહી :

____________

## પ્રવેશ-પત્ર

(નીચેની વિગતો વિદ્યાર્થીએ સુવાચ્ય અક્ષરે ભરવી)

વિદ્યાર્થીનો તાજેતરનો
પોતાનો પાસપોર્ટ
કલર ફોટો લગાવવો

૧. વિદ્યાર્થીનું પૂરું નામ : ____________

(અટક) (નામ) (પિતાનું નામ)

મૂળવતન : ____________ તાલુકો : ____________ જિલ્લો : ____________

પીન કોડ : ____________ જ્ઞાતિ/ગોર : ____________ જન્મ તારીખ : ____________

પરિણિત / અપરિણિત : ____________ બ્લડગ્રૂપ : ____________

૨. વિદ્યાર્થીના પિતા / વાલીનું પૂરું નામ : ____________

હાલનું સરનામું : ____________

____________

૩. પિતા / વાલીનો વ્યવસાય : ____________ વાર્ષિક આવક : ____________

૪. કઈ વિદ્યાશાખામાં અભ્યાસ કરવાના છો ? ____________

૫. દરરોજનો કોલેજનો અભ્યાસનો સમય : ____________

૬. અગાઉ આ છાત્રાલયમાં, ક્યારે, કેટલો સમય રહ્યા હતા ? તથા અભ્યાસ ____________

૭. કોલેજનું પૂરું નામ, સરનામું અને ફોન નંબર : ____________

____________

૮. છેલ્લી પરીક્ષાની વિગતો : માર્કશીટ અને સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટની અસલ-નકલ સાથે ઝેરોક્ષ કોપી (સર્ટિફાઈડ કરેલી) બીડવી. જે કોલેજમાં પ્રવેશ મેળવ્યો હોય તેની ફીની ઝેરોક્ષ નકલ બીડવી અને તાજેતરના પાસપોર્ટ સાઈઝના બે ફોટા આપવા. આધાર કાર્ડ, વૈકલ્પિક પ્રમાણપત્ર, સંમતિપત્ર.

હું નીચે સહી કરનાર વિદ્યાર્થી વિનંતી કરું છું કે ઉપરોક્ત છાત્રાલયમાં અભ્યાસ કરવા માટે જ દાખલ થવા ઇચ્છું છું. આ છાત્રાલયનાં જે નિયમો અને ફરજો આ પ્રવેશપત્રમાં દર્શાવેલ છે તથા તે ઉપરાંત હવે પછી જે કાંઈ નિયમો અમલમાં આવશે તે પ્રામાણિકપણે પાળવા બંધાયેલો છું. મારી ઉપરોક્ત જણાવેલી હકીકત તદ્દન સાચી છે. મારી અરજી મંજૂર કરી મને પ્રવેશ આપશો તો સંસ્થા પ્રત્યેનું ઋણ જીવનભર ભૂલીશ નહીં.

વિદ્યાર્થીનો મોબાઈલ/ફોન નંબર : ____________

આપનો વિશ્વાસુ,

(વિદ્યાર્થીની પૂરી સહી)

તારીખ : ____________

____________

# વાલીની કબુલાત

મેં છાત્રાલયના સઘળા નિયમો વાંચ્યા છે, હું ખાતરી આપું છું કે મારો પાલ્ય સંસ્થાના બધા જ નિયમો સંપૂર્ણપણે પાળશે અને આદર્શ વિદ્યાર્થી બનીને રહેશે.

પિતા / વાલીની સહી : ____________________

પૂરું નામ : ____________________

તારીખ : ______________ સરનામું : ____________________

____________________

ફોન : ____________________

## • જામીનદારની કબુલાત •

આથી હું નીચે સહી કરનાર શ્રી ____________________ વફાદારીપૂર્વક જણાવું છું કે (વિદ્યાર્થી) શ્રી ____________________ મુ. ______________ તાલુકો ______________ જિલ્લો ______________ જે ગુજરાત પ્રજાપતિ છાત્રાલયમાં રહેવા માગે છે. જેઓ મારા વિસ્તારના છે / મારા જાણીતા છે. વિદ્યાર્થીએ લખેલ ઉપરોક્ત વિગત ખરી છે. તેઓને ______________ ના અભ્યાસ અર્થે છાત્રાલયમાં દાખલ કરવામાં આવે તો તેના ભોજનબીલ, વર્તણૂંક તેમજ ચાલચલગત અંગેની તથા છાત્રાલયમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી હું સ્વીકારું છું અને જરૂર પડ્યે સંસ્થા તરફથી મને રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે તેનો નિકાલ કરવાની પણ અંગત જવાબદારીપૂર્વક હું ખાતરી આપું છું.

હું ગુજરાત પ્રજાપતિ સમાજમાં કારોબારી/સંચાલન સમિતિનો સભ્ય/આજીવન સભ્ય/સ્થાનિક પ્રજાપતિ સંસ્થા (____________________) નો પ્રમુખ / મંત્રી છું. તેમજ આવા અન્ય વિદ્યાર્થીઓના કબૂલાતનામામાં મેં સહી કરેલ નથી. તેની ખાતરી આપું છું.

જામીનદારની સહી : ____________________

પૂરું નામ : ____________________

તારીખ : ______________ સરનામું : ____________________

____________________

ફોન : ____________________

# ✤ છાત્રાલયમાં પ્રવેશ અંગેના નિયમો ✤

૧. ધોરણ-૧૨ થી ઉપર કોઈપણ પ્રવાહમાં પૂર્ણ સમયનો અભ્યાસ કરતા સમગ્ર ગુજરાતના પ્રજાપતિ વિદ્યાર્થીઓને આ છાત્રાલયમાં પ્રવેશ મળી શકશે. જગ્યા અને સાધનોની જોગવાઈ પ્રમાણે આવેલ અરજીઓ પૈકી વધારે જરૂરિયાતવાળા યોગ્ય વિદ્યાર્થીઓને પ્રથમ પસંદગી આપવામાં આવશે. બધી યોગ્યતાને ધ્યાનમાં લઈને વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવશે.

૨. વિદ્યાર્થીએ છાત્રાલયમાં દાખલ થવા માટે રૂા. ૫૦ ની કિંમતનું નિયત ફોર્મ મેળવી માંગવામાં આવેલી વિગતો સંપૂર્ણ રીતે ભરી, જરૂરી પુરાવા રજૂ કરીને નિયત તારીખ પહેલાં છાત્રાલયના કાર્યાલયમાં ગૃહપતિશ્રીને રૂબરૂ આપી જવાનું રહેશે. અધુરી વિગતોવાળું ફોર્મ રદ કરવામાં આવશે.

૩. દર વર્ષે નવા અને જૂના વિદ્યાર્થીએ પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે.

૪. છાત્રાલયમાં પ્રવેશપાત્ર વિદ્યાર્થીએ પ્રથમ સત્રમાં પ્રવેશ ફી રૂા. ૧૦૦૦, સત્ર ફી રૂા. ૬૦૦૦, ઈતર ફી રૂા. ૧૦૦૦ તેમજ છાત્રાલય અનામત ફી રૂા. ૨૦૦૦ મળી કુલ રૂા. ૧૦,૦૦૦ ભરવાના રહેશે. બીજા સત્રમાં પ્રવેશ ફી રૂા. ૧૦૦૦, સત્ર ફી રૂા. ૬૦૦૦, ઈતર ફી રૂા. ૧૦૦૦ કુલ મળી રૂા. ૮૦૦૦ ભરવાના રહેશે.

૫. છાત્રાલયનું પ્રથમ સત્ર ૧૫મી જૂનથી ૩૦ ~~ઓક્ટોબર~~ નવેમ્બર અને બીજું સત્ર ૧ ~~નવેમ્બરથી~~ જાન્યુઆરીથી ૩૧ મે સુધીનું રહેશે.

૬. કોઈપણ વિદ્યાર્થીને છાત્રાલયમાં દાખલ કરવો કે નહિ તેની આખરી સત્તા છાત્રાલય વ્યવસ્થાપક કમિટીની રહેશે. ચેપીરોગવાળા, અસ્થિર મગજવાળા કે માદક પદાર્થોનું સેવન કરનાર વિદ્યાર્થીને પ્રવેશ મળશે નહીં.

૭. સત્ર પૂરું થયા પછી જો કોઈ વિદ્યાર્થીને અભ્યાસ માટે કે પરીક્ષા આપવા માટે વેકેશનમાં છાત્રાલયમાં રહેવાની જરૂરિયાત હોય તો લેખિત અરજી સાથે જરૂરી પુરાવા આપી ગૃહપતિની મંજૂરી મેળવી રહી શકશે. જે અંગે એક મહિના સુધી રહેવાની ફી દરરોજના રૂા. ૧૦૦ મુજબ ભરવાની રહેશે. આ સિવાયના બાકીના દરેક વિદ્યાર્થીએ વેકેશનમાં ખાલી રૂમનો કબ્જો ગૃહપતિને સોંપી દેવાનો રહેશે. છાત્રાલયમાં રહેવા માટે જગ્યા ઉપલબ્ધ હશે તો બહારગામથી પરીક્ષા આપવા આવનાર વિદ્યાર્થી પાસેથી દરરોજના રૂા. ૨૦૦ ભરીને માત્ર રહી શકશે.

૮. છાત્રાલયમાં દાખલ થયા બાદ કોઈપણ કારણસર વિદ્યાર્થી પ્રવેશ રદ કરાવશે અથવા સંસ્થા કોઈ કારણસર પ્રવેશ રદ કરશે તો તેણે ભરેલી ફી પરત કરવામાં આવશે નહીં.

૯. વિદ્યાર્થીએ છાત્રાલયમાંથી છૂટો થયા પછી એક માસ બાદ અનામતની રકમ પરત મેળવવા ઓરીજીનલ રસીદ રજુ કરવાની રહેશે. સંસ્થાનું બાકી લેણુ હશે તો તે કાપ્યા બાદ અનામતની બાકીની રકમ પરત કરવામાં આવશે.

૧૦. છાત્રાલયની ચીજ-વસ્તુઓને વિદ્યાર્થી/વિદ્યાર્થીઓએ કરેલ નુકસાની જે તે વિદ્યાર્થી/વિદ્યાર્થીઓ પાસેથી કે ખાસ સંજોગોમાં સામુહિક રીતે વસૂલ કરવામાં આવશે. જરૂર પડે વિદ્યાર્થીની ડિપોઝીટમાંથી કાપી લેવામાં આવશે અને તેમ છતાં બાકી રહેતી રકમ વાલી/જામીનદાર પાસેથી વસૂલ લેવામાં આવશે.

૧૧. પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થી કે તેના પિતાશ્રીએ ગુજરાત પ્રજાપતિ સમાજના આજીવન સભ્ય બનવું જરૂરી છે.

૧૨. અભ્યાસ સાથે નોકરી કરતાં, પાર્ટ-ટાઈમ નોકરી કરતાં અથવા પાર્ટ-ટાઈમ અભ્યાસ કરતાં, પાર્ટ-ટાઈમ ટ્રેનિંગ કે એપ્રેન્ટીસ જેવા અભ્યાસ કરતાં વિદ્યાર્થીને કોઈપણ સંજોગોમાં પ્રવેશ મળશે નહિ.

૧૩. રૂમનો હવાલો લેતી વખતે અને આપતી વખતે સંસ્થા તરફથી આપવામાં આવેલ ટ્યૂબલાઈટ, પંખો તથા અન્ય ચીજ-વસ્તુ ચાલુ હાલતમાં છે તે તપાસી લેવી અને આપવી. રૂમનો ચાર્જ ગૃહપતિ પાસેથી આપવા લેવાનો રહેશે.

## • છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીએ પાળવાના નિયમો •

૧. છાત્રાલયમાં રસોડાની, લાઈબ્રેરી કે સંસ્થાના લાભાર્થે અન્ય કોઈ પ્રવૃત્તિ શરૂ કરવામાં આવે તો, તેમાં જોડાઈ ભાગ લેવાનો રહેશે. સામાજિક કાર્યક્રમ કે પ્રવૃત્તિઓ અંગે ફી નક્કી થાય તો તે વિદ્યાર્થીએ આપવાની રહેશે.

૨. છાત્રાલય વ્યવસ્થાપક સમિતિના સભ્યશ્રીઓ, સંસ્થાના હોદ્દેદારશ્રીઓ કે અન્ય સદગૃહસ્થશ્રીઓ છાત્રાલયની મુલાકાતે આવે ત્યારે તેમની સાથે વિવેકથી વર્તી સહકાર આપવાનો રહેશે. તેમ નહીં કરનાર વિદ્યાર્થી/વ્યક્તિ દંડને પાત્ર થશે.

૩. ગૃહપતિની રજા સિવાય કોઈ વિદ્યાર્થી બહારના માણસને છાત્રાલયમાં બોલાવી કે રાખી શકશે નહિ. મુલાકાતી વ્યક્તિ નિશ્ચિત સમય સુધી જ વિદ્યાર્થીને મળી શકશે.

૪. અભ્યાસ પ્રત્યે બેકાળજી, રખડું, વ્યસન કરનાર અને ગેરવર્તણૂંક કરનાર વિદ્યાર્થીને કોઈપણ કારણ સાંભળ્યા વિના છૂટો કરવામાં આવશે.

૫. પ્રત્યેક વિદ્યાર્થીએ વાણી અને વર્તનથી બીજા વિદ્યાર્થીને સીધી કે આડકતરી રીતે પજવણી ન થાય અને અભ્યાસમાં ખલેલ ન પડે તેનું ધ્યાન રાખવાનું રહેશે.

૬. દરેક વિદ્યાર્થીને ફાળવેલ માળ કે રૂમ મુજબ જ રહેવાનું રહેશે. તેમાં જાતે ફેરફાર કરી શકશે નહિ.

૭. પાણીનો સમય સવારના ૬ થી ૯ વાગ્યા સુધી અને રાત્રે ૬ થી ૯ વાગ્યા સુધી ચાલુ રહેશે.

૮. છાત્રાલયનો દરવાજો રાત્રે ૧૦ વાગે બંધ થશે. જે સવારે ૫ વાગે ખુલશે. દરેક વિદ્યાર્થીએ રાત્રે ૧૦ વાગ્યા પહેલા છાત્રાલયમાં આવી જવાનું રહેશે. પરવાનગી વગર વારંવાર ૧૦ વાગ્યા પછી આવનાર વિદ્યાર્થીને શિસ્તભંગ ગણી છૂટો કરવામાં આવશે.

૯. સંસ્થાના કર્મચારી કે રસોઈયાના કામકાજ અંગે કોઈ ફરિયાદ હોય તો તેમને સીધેસીધું ન કહેતાં ગૃહપતિશ્રીને જણાવવાનું રહેશે. કર્મચારી સાથે કોઈપણ જાતની તકરાર કરવી નહિ.

૧૦. કોલેજ તથા છાત્રાલયમાં કોઈપણ વિદ્યાર્થી રૂમમાં ઈલેક્ટ્રીક સગડી, ઈસ્ત્રી, રેડિયો, ટી.વી., હીટર, પાણી ગરમ કરવાનું ઈલેક્ટ્રીક સાધન કે અન્ય આવા ઉપકરણો રાખી કે વાપરી શકશે નહિ. આવા ઉપકરણો જપ્ત કરી દંડ કરવામાં આવશે.

૧૧. છાત્રાલયમાં વિદ્યાર્થીઓ પરવાનગી સિવાય સભાઓ કે અન્ય પ્રવૃત્તિઓ કરી શકશે નહીં.

૧૨. વિદ્યાર્થીઓને વ્યવસ્થા, પ્રાર્થના, સમૂહ શ્રમકાર્ય કે અન્ય કાર્યોમાં ભાગ લઈ મદદ કરવાની રહેશે તથા અવારનવાર અમલમાં આવતાં નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પ્રાર્થના દરરોજ સવારે ૭.૦૦ વાગે કરવામાં આવશે. જેમાં દરેક વિદ્યાર્થીઓએ હાજર રહેવું ફરજિયાત છે.

૧૩. વિદ્યાર્થીઓ પાસેના તેમના વાહનોની સંપૂર્ણ જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે. સંસ્થા કોઈપણ રીતે જવાબદાર રહેશે નહિ. નિયત સ્થળે પાર્કીંગ કરવાનું રહેશે.

૧૪. કોલેજ તથા છાત્રાલયમાં હાજરીમાં અનિયમિતતા જણાશે તો તેવા વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ કરવામાં આવશે.

૧૫. કોલેજમાં અભ્યાસ અર્થે અથવા અન્ય કારણસર વિદ્યાર્થીને બહાર જવાનું થાય તો લાઈટ/પંખા તથા પાણીના નળ બંધ કરી જવાનું રહેશે. તેમ ન કરનાર વિદ્યાર્થીઓ પાસેથી શિક્ષાત્મક દંડની રકમ વસૂલવામાં આવશે..

૧૬. વિદ્યાર્થીને મળવા આવનાર કોઈપણ મુલાકાતી / વાલી ગૃહપતિની રૂબરૂમાં મુલાકાત કરી શકશે.

## • છાત્રાલય-રસોડા/ભોજન વ્યવસ્થાના નિયમો •

૧. છાત્રાલયનું રસોડું નિયત સત્ર સમય દરમ્યાન વિદ્યાર્થીઓની યોગ્ય હાજરી તથા અન્ય બાબતો ધ્યાનમાં લઈ ચાલુ-બંધ કરવામાં આવશે. જે વ્યવસ્થાપક કમિટી નક્કી કરશે.

૨. રસોડું/ભોજન વ્યવસ્થા છાત્રાલય વ્યવસ્થાપક કમિટી નક્કી કરે તે રીતે કોન્ટ્રાક્ટ પદ્ધતિ, ક્લબ સિસ્ટમ, સંસ્થા દ્વારા કે વિદ્યાર્થીઓ દ્વારા ચલાવવામાં આવશે.

૩. ભોજન બિલની ફાળવણી જે રીતે રસોડા વ્યવસ્થા થાય તે મુજબ કરવામાં આવશે. ભોજન બિલ દર માસની પાંચ તારીખ સુધીમાં ભરવાનું રહેશે.

૪. વિદ્યાર્થીઓને એક પણ દિવસનો કટ આપવામાં આવશે નહિ. ભોજન બિલ દરેક વિદ્યાર્થીએ સરખા ભાગે આપવાનું રહેશે.

૫. છાત્રાલયમાં રહેતા દરેક વિદ્યાર્થીએ છાત્રાલયના રસોડે જમવાનું ફરજિયાત છે.

૬. જમવાનું મેનુ વ્યવસ્થા કમિટી દ્વારા નક્કી કરવામાં આવશે જેમાં જરૂરી ફેરફાર વ્યવસ્થાપક કમિટી કરી શકશે.

૭. સવાર-સાંજ રસોડે જમવાનો સમય વ્યવસ્થાપક કમિટી નક્કી કરશે. અગાઉથી જાણ કરેલ હશે તે વિદ્યાર્થી માટે નિયત સમય પછી એક કલાક સુધી ડીસ રાખવામાં આવશે.

ઉપરના સઘળા નિયમો વાંચ્યા છે જે અમોને માન્ય/કબૂલ મંજૂર છે. વખતોવખત બદલાતા નિયમો પ્રમાણે વર્તવાની અને તેનું પાલન કરવાની અમો ખાતરી આપીએ છીએ. તેમ છતાં જો કોઈપણ નિયમનો ભંગ કરીએ તો સંસ્થામાંથી મારા પાલ્ય / હું તાત્કાલિક છૂટા થવા અમો બંધાયેલા છીએ.

**વાલીની સહી** **વિદ્યાર્થીની સહી**